પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૨૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૨-૦૫-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ઉદ્ધવ વિરુદ્ધ શિંદેની શિવસેનાનો મામલો

## ઉદ્ધવે રાજીનામુ ના આપ્યું હોત તો સરકાર યથાવત્ રાખી શકાત' હવે ૭ જજની બેન્ચ સુનાવણી કરશે : સુપ્રીમ કોર્ટ



### શિંદે સહિત ૧૬ ધારાસભ્યોની અયોગ્યતા પર હાલ કોઈ નિર્ણય આપ્યો નથી

નવીદિલ્હી,

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ એકનાથ શિંદે મામલે આજે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો. મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે સરકાર પર છવાયેલા વાદળો હટી ગયા છે. સુપ્રીમ કોર્ટે જો કે એકનાથ શિંદે સહિત ૧૬ ધારાસભ્યોની અયોગ્યતા પર હાલ કોઈ નિર્ણય આપ્યો નથી અને કહ્યું કે આ કેસમાં હજુ વધાર વિચાર કરવાની જરૂર છે. આ સાથે જ કોર્ટે નેબામ રેબિયા કેસને વિચાર માટે ૭ જજોની મોટી બેન્ચ સમક્ષ મોકલી દીધો છે. જેને આધાર માનતા આ કેસ પર વિચાર થઈ રહ્યો હતો. બંધારણીય બેન્ચે કહ્યું કે અરુણાચલનો નેબામ રેબિયા કેસ અલગ હતો અને તેને ધ્યાનમાં રાખીને આ કેસમાં વિચાર થઈ શકે નહીં. અત્રે જણાવવાનું કે મહારાષ્ટ્રમાં જૂન ૨૦૨૨માં એકનાથ શિંદેના બળવા બાદ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી મહાવિકાસ આઘાડી સરકાર પડી ગઈ હતી. ત્યારબાદ એકનાથ શિંદેએ બળવાખોર ધારાસભ્યો અને ભાજપના સમર્થનથી સરકાર બનાવી હતી. કોર્ટે એમ પણ કહ્યું કે પાર્ટીમાં તૂટ હોવા પર કોઈ જૂથ અયોગ્યતાની કાર્યવાહીથી એ આધારે ન બચી શકે કે તે જ અસલ પાર્ટી છે. બંધારણીય સંશોધન બાદ પાર્ટીમાં તૂટ થવા પર સંખ્યાબળનો હવાલો આપીને અયોગ્યતાથી બચી શકાય નહીં. આ નિર્ણયથી શિંદે સરકાર પર કોઈ અસર થશે નહીં.

જો કે કોર્ટની એક ટિપ્પણી એકનાથ શિંદે જૂથને પરેશાન કરનારી છે. કોર્ટે કહ્યું કે વિધાનસભામાં વિશ્વાસ મતના પ્રસ્તાવ પર મતદાન દરમિયાન શિંદે જૂથના ભારત ગોગાવાલેને શિવસેનાનો ચીફ વ્હીપ બનાવવા એ ગેરકાયદેસર હતું. કોર્ટે રાજ્યપાલ તરફથી ફ્લોર ટેસ્ટ કરાવવાના નિર્ણય ઉપર પણ સવાલ ઉઠાવ્યો. કોર્ટે કહ્યું કે શિવસેનામાં વિવાદ આંતરિક કલેહ હતો અને તેને પહોંચી વળવા માટે ફ્લોર ટેસ્ટ કરાવવો યોગ્ય નહતો. ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેન્ચે કહ્યું કે આંતરિક કલેહ વિશ્વાસ મત માટેનો યોગ્ય આધાર નહતો. ફ્લોર ટેસ્ટ તો નિયમોના આધાર પર જ થવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે વિધાનસભા સ્પીકરએ એને જ શિવસેનાના વ્હીપ માનવા જેવા હતા જેને પાર્ટીએ અધિકૃત રીતે જાહેર કર્યા હતા. બેન્ચે કહ્યું કે સ્પીકરને ખબર હતી કે બે જૂથ છે. પરંતુ તેમણે પોતાની પસંદના વ્હીપને માન્યતા આપી. તેમણે અધિકૃત રીતે જાહેર કરાયેલા વ્હીપને જ માન્યતા આપવાની હતી. આ રીતે સુપ્રીમ કોર્ટે વ્હીપને લઈને કરેલી ટિપ્પણી એકનાથ શિંદે સરકારને પરેશાન કરનારી છે.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે હવે નવા વ્હીપની પસંદગી સ્પીકર દ્વારા તપાસ બાદ કરાશે. આ નિર્ણય ચૂંટણી પંચ અને વિધાનસભાના સ્પીકર કરી શકે છે. કોર્ટે એમ પણ કહ્યું કે કોણ અસલ શિવસેના અને કોણ નકલી તેના ઉપર પણ ચૂંટણી પંચ જ વિચાર કરશે. ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેન્ચે કહ્યું કે પાર્ટીને લઈને નિર્ણય થયા બાદ જ વિધાયકોની યોગ્યતા અંગે નિર્ણય કરાશે. જે પ્રકારે મામલો મોટી બેન્ચને મોકલવામાં આવ્યો છે તેનાથી સ્પષ્ટ છે કે આ કેસ હવે લાંબો ખેંચાશે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં એકનાથ શિંદે સરકારના ગેરકાયદેસર કે કાયદેસર હોવા અંગે કોઈ વાત કરી નથી. પરંતુ ૨૦૧૬માં અપાયેલા નેબામ રેબિયા કેસનો ઉલ્લેખ કરતા ૫ જજોની પેનલે કહ્યું કે એ સ્પીકર કે જેના વિરુદ્ધ પ્રસ્તાવ આવ્યો હોય તે સભ્યોની યોગ્યતા પર નિર્ણય કરી શકે નહીં. કોર્ટે કહ્યું કે આ કેસને હવે મોટી બેન્ચ સમક્ષ મોકલવામાં આવશે. સ્પષ્ટ છે કે આ કેસની સુનાવણી હવે ૭ જજોની બેન્ચ કરશે. જેનો અર્થ એ થયો કે એકનાથ શિંદે સરકાર પર કોઈ જોખમ નથી અને સુપ્રીમ કોર્ટની મોટી બેન્ચને સુનાવણીમાં લાંબો સમય લાગશે. આમ જોઈએ તો સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ઉદ્ધવ ઠાકરે જૂથ માટે મોટા ઝટકા સમાન કહી શકાય.

અત્રે જણાવવાનું કે ૨૦૨૨ની મહારાષ્ટ્રની રાજકીય કટોકટી અંગે શિવસેનાના ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથની દ્વિપક્ષીય અરજીઓ પર સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો. બંધારણીય બેંચમાં જસ્ટિસ એમ.આર. શાહ, જસ્ટિસ કૃષ્ણ મુરારી, જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ પી.એસ. નરસિંહનો પણ સમાવેશ થાય છે. બેન્ચે સંબંધિત અરજીઓ પર સુનાવણી પૂર્ણ કર્યા બાદ ૧૬ માર્ચ, ૨૦૨૩ના રોજ પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. આ કેસની અંતિમ સુનાવણી ૨૧ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી અને ૯ દિવસ સુધી બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્રમાં ગત વર્ષ જૂનમાં એકનાથ શિંદે જૂથે બળવો પોકાર્યો હતો. ત્યારબાદ ઉદ્ધવ ઠાકરે સરકાર પડી ગઈ હતી. શિંદેએ શિવસેનાના બળવાખોર ધારાસભ્યો સાથે ભાજપના સમર્થનથી સરકાર બનાવી. ત્યારબાદ ઉદ્ધવ ઠાકરે જૂથના અનેક નેતા શિંદે જૂથમાં સામેલ થઈ ચૂક્યા છે. જ્યારે લાંબી ઉથલપાથલ બાદ શિવસેનાના નામ અને પાર્ટીના સિંબોલ ઉપર હકને લઈને ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે વચ્ચે તનાતની ચાલુ હતી. ચૂંટણી પંચે આ મુદ્દે એકનાથ શિંદે જૂથને શિવસેનાનું પ્રતીક તીર કમાન સોંપી દીધુ હતું.

જૂનમાં શરૂ થયેલી રાજકીય ઉથલપાથલ બાદ એક પછી એક સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ દાખલ કરવામાં આવી. જ્યાં શિંદે જૂથના ૧૬ વિધાયકોએ સદસ્યતાને રદ કરવાના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા, ત્યાં ઉદ્ધવ જૂથે ડેપ્યુટી સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસના પ્રસ્તાવ પર રાજ્યપાલના શિંદેને સીએમ બનાવવાના આમંત્રણ આપવા અને ફ્લોર ટેસ્ટ કરાવવાના નિર્ણય વિરુદ્ધ અરજી દાખલ કરી. એટલું જ નહીં ઉદ્ધવ જૂથે શિંદે જૂથને વિધાનસભા અને લોકસભામાં માન્યતા આપવાના નિર્ણયને પણ પડકાર્યો છે.

સુપ્રીમ કોર્ટમાં છેલ્લી સુનાવણી દરમિયાન ઉદ્ધવ જૂથના વકીલ કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટને તત્કાલિન રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના જૂન ૨૦૨૨ના આદેશને રદ કરવાની ભલામણ કરી હતી. જેમાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને વિધાનસભામાં બહુમત સાબિત કરવાનું કહેવાયું હતું. સિબ્બલે કહ્યું કે જો આમ ન થયું તો લોકતંત્ર ખતરામાં પડશે. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના નિર્ણય પર સવાલ ઉઠાવ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે રાજ્યપાલે આ ક્ષેત્રમાં પ્રવેશ કરવો જોઈએ નહીં જ્યાં તેમની કાર્યવાહીથી એક વિશેષ પરિણામ નીકળે. સવાલ એ છે કે શું રાજ્યપાલ ફક્ત એટલા માટે સરકાર પાડી શકે કારણ કે કોઈ વિધાયકે કહ્યું કે તેમના જીવન અને સંપત્તિને જોખમ છે? શું વિશ્વાસનો મત બોલાવવા માટે કોઈ બંધારણીય સંકટ હતું? લોકતંત્રમાં આ એક દુખદ તસવીર છે. સુરક્ષા માટે ખતરો વિશ્વાસ મતનો આધાર બની શકે નહીં. તેમણે આ રીતે વિશ્વાસ મત નહતો બોલાવવો જોઈતો.

## વિશ્વ ભારતી કોલેજમાં પરીક્ષામાં માસ કોપી કરતા ઝડપાયેલી ૨૮ વિદ્યાર્થિની સામે કાર્યવાહી, ઝીરો ગુણ આપવા સાથે રુપિયા ૫૦૦નો દંડ ફટકારાયો

સુરત,

સુરતના કામરેજના મોરથાણ ખાતે આવેલી વિશ્વ ભારતી કોલેજમાં માસ કોપી કેસમાં ઝડપાયેલી ૨૮ વિદ્યાર્થિની સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ વિદ્યાર્થિનીઓને જે તે વિષયમાં શૂન્ય માર્ક આપવામાં આવ્યા છે. સાથે જ ૫૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. માર્ચ-એપ્રિલ મહિનામાં લેવાયેલી પરીક્ષામાં ૧૦૫૦ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતા ઝડપાયા હતા. જેમાંથી ૨૦૦ વિદ્યાર્થીઓને સજા કરવામાં આવી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કામરેજના મોરથાણ ખાતે આવેલી વિશ્વાભારતી કોલેજમાં ૬ એપ્રિલ ૨૦૨૩ના રોજ બીકોમ સેમેસ્ટર-૨ની અંગ્રેજી વિષયની પરીક્ષા હતી. પરીક્ષામાં ગેરરીતિ થતી હોવાની માહિતી યુનિવર્સિટીને મળી હતી. જેને પગલે યુનિવર્સિટી દ્વારા સ્પેશિયલ સ્કવૉડની ટીમને કોલેજ ખાતે મોકલવામાં આવી હતી.

સ્કવૉડના ૧૦ સભ્ય દ્વારા ત્રણ પરીક્ષાખંડમાં તપાસ હાથ ધરી હતી. જેમાં એક પરીક્ષાખંડમાંથી ૧૦ વિદ્યાર્થિની પાસે માઈક્રો ઝેરોક્ષ અને હાથેથી લખેલી કાપલી ઝડપાઈ હતી. તપાસમાં અમુક વિદ્યાર્થિનીઓ દ્વારા કાપલીમાંથી ઉત્તરવહીમાં જવાબ લખેલા મળી આવ્યા હતા. સ્પેશિયલ સ્કવૉડની ટીમે પુરાવા સાથે પ્રાથમિક માસ કોપીકેસનો અહેવાલ તૈયાર કર્યો હતો.

યુનિવર્સિટીએ સીસીટીવી ફૂટેજ અને અહેવાલના આધારે વિદ્યાર્થિનીઓ પર કાર્યવાહી કરી હતી. વિદ્યાર્થિનીઓને અંગ્રેજી વિષયની પરીક્ષામાં શૂન્ય માર્ક અને ૫૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. કોલેજના પરીક્ષા સુપ્રિટેન્ડન્ટને ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમની જગ્યા પર યુનિવર્સિટીના બે એક્સટર્નલ સુપ્રિટેન્ડન્ટ પરીક્ષાની કામગીરી કરશે અને તે માટે જે ખર્ચ થશે, તે કોલેજે ભોગવવાનો રહેશે. વધુમાં માર્ચ-એપ્રિલ, ૨૦૨૩માં લેવાયેલી નિયમિત અને એટીકેટીની પરીક્ષામાં ૧૦૫૦ જેટલા વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતા ઝડપાયા હતા. જેમાંથી ૨૦૦ વિદ્યાર્થીઓને સજા થઈ હતી અને આગામી દિવસોમાં અન્ય વિદ્યાર્થીઓ માટે પણ નિર્ણય લેવામાં આવશે.

### પાકિસ્તાનમાં નવું નાટક

## એક કલાકમાં ઈમરાન ખાનને અહીં હાજર કરો, કોર્ટમાંથી કઈ રીતે તમે ઉઠાવી ગયા? : સુપ્રીમ કોર્ટ



ઈસ્લામાબાદ,

અલ કાદિર ટ્રસ્ટ કૌભાંડમાં પૂર્વ પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનની ધરપકડ કેસમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ રહી છે. ઈમરાનની પાર્ટી પીટીઆઈની અરજીની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે કહ્યું છે કે, ખાનને એક કલાકમાં અમારી સામે રજૂ કરો. તમે કોઈને કોર્ટમાંથી કેવી રીતે ઉઠાવીને લઈ જઈ શકો. આ કોર્ટનું અપમાન છે. બાકીની સુનાવણી પછી થશે.

ઈમરાન ખાનની ધરપકડ પર પાકિસ્તાની સેનાને મોટો ઝટકો લાગ્યો છે. આજે આ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઈમરાન ખાનની ધરપકડ ગેરકાયદેસર છે. કોર્ટે કહ્યું કે ઈમરાનની ધરપકડ કરતા પહેલા નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરોએ હાઈકોર્ટના રજિસ્ટ્રાર પાસેથી પરવાનગી લેવી જોઈતી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમારી અરજી પર ઈસ્લામાબાદમાં સુનાવણી થવાની હતી. શું આવી રીતે કોઈની ધરપકડ થઈ શકે? પાકિસ્તાનના ચીફ જસ્ટિસે કહ્યું કે એનએબીએ કાયદો તોડ્યો અને કોર્ટનું અપમાન કર્યું. હવે કોર્ટ જોશે કે એનએબી શું કરે છે. તે જ સમયે એનએબી વતી દલીલ કરવામાં આવી હતી કે આ ખૂબ જ સંવેદનશીલ મામલો છે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટ પણ શાહબાઝ શરીફ સરકાર પર કડક નજરે પડી હતી. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન પાકિસ્તાનના એટર્ની જનરલને બોલાવ્યા. પાક.ના ચીફ જસ્ટિસે કહ્યું કે અમે કોર્ટનું સન્માન પાછું મેળવીશું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો આવી ધરપકડ ચાલુ રહેશે તો લોકોનો કોર્ટ પરથી વિશ્વાસ ઉઠી જશે. કોર્ટમાં દરેકનું રક્ષણ કરવું જરૂરી છે.

બીજી બાજુ પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાન ખાનની ધરપકડ બાદ પાકિસ્તાનમાં હિંસા વધી રહી છે. સિંધ પ્રાંત સિવાય પંજાબ, ખૈબર પખ્તુનવા અને બલૂચિસ્તાનમાં સેના તહેનાત કરવામાં આવી છે. દરમિયાન, પીટીઆઈ નેતા શાહ મેહમૂદ કુરેશીની ગુરુવારે સવારે અને ફવાદ ચૌધરીની મોડીરાત્રે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે અત્યાર સુધીમાં ઈમરાનની પાર્ટીના લગભગ ૧૯૦૦ નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરી છે. ૯ મેના રોજ ઈમરાનની ધરપકડ બાદ ચાલી રહેલી હિંસામાં અત્યાર સુધીમાં ૮ લોકોનાં મોત થયાં છે. ઘટનામાં ૨૯૦ લોકો ઘાયલ થયા છે. બુધવારે ઈમરાન ખાનને નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરોને ૮ દિવસના રિમાન્ડ પર મોકલવામાં આવ્યો હતો. સેનાએ હિંસા પર પ્રથમ સત્તાવાર પ્રતિક્રિયા આપી હતી. કહ્યું, '૯ મેના દિવસને પાકિસ્તાનના ઈતિહાસમાં કાળા અધ્યાય તરીકે જોવામાં આવશે.'

## અમેરીકામાં ગેરકાયદે ઘૂસણખોરી કરતા ગુજરાતી સહિત ૯ ભારતીયો ઝડપાયા

વૉશિંગ્ટન,

છેલ્લા સમયથી અમેરીકામાં ઘૂસણખોરી કરી રહેલા ભારતીયો પકડાય રહ્યા છે. ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી હતી.અમેરીકામાં પ્રવેશે છે. તેમાં ગુજરાતીઓની પણ સંખ્યા મોટી છે.પરંતુ ગેરકાયદે ઘૂસણખોરી કરતા લોકોને અમેરીકન પોલીસ દ્વારા પકડી પાડવામાં આવેલ છે. કેટલાકને ભારત પરત ફરવુ પડે છે તો કેટલાક ભારતીયો જીવ પણ ગુમાવી બેસે છે.ત્યારે વધુ ૯ ભારતીય પકડાયા હોવાનો અહેવાલ સામે આવ્યો છે. યુએસ બોર્ડર પેટ્રોલના એક અધિકારીને અમેરિકા-મેકિસકો બોર્ડર પર નવ જેટલા લોકો જોવા મળ્યા હતાં. તમામ ભારતીયો હતો તેઓ અમેરીકામાં ગેરકાયદેસર ઘુસણખોરી કરી રહ્યા હતાં. તેમાં એક ગુજરાતી હોવાનું પણ જાણવા મળ્યું છે હાલ આ અંગેનો વિડિયો વાયરલ થયો છે. યુએરત બોર્ડ ૨ પેટ્રોલિંગના એક અધિકારીએ ગ્રુપને જોતા પ્રશ્નો કયો હતો. તેઓ ભારતીય છે. કયાથી આવ્યા છો? સહિતની પુછપરછ કરતા જાણવા મળે છે. એક વ્યકિત મુંબઈ થી તો બીજી દેહરાદુનથી છે. તો ચોકે ગુજરાતી હોવાનું જણાવ્યું ગ્રૂપનું એક પણ વ્યકિત બરાબર અંગ્રેજી જણાતુ ન હતું. સામાન્ય સવાલના જવાબ પણ અંગ્રેજીમાં આપી શકતા ન હતાં. પુછપરછ દરમ્યાન અમેરીકન અધિકારીઓ પણ આશ્ચર્યમાં મુકાયા હતાં. સામાન્ય રીતે તેઓ નીચે નદીના માર્ગથી આવતા હોય છે. એક અધિકારી કહે છે કે મને લાગે છે. કે આ લોકોએ કોઈ ખોટા લોકોને રૂપિયા ચુકવી દીધા છે વાયરલ થયેલ વિડિયોની રજુ સુધી કોઈ પુષ્ટી થઈ નથી.

## લૂની લપેટમાં ૯૦ ટકા ગુજરાત : દેશનાં સૌથી ગરમ ૧૦ શહેરમાં ૮ ગુજરાતનાં, હજુ પાંચ દિવસ તાપમાન ઊંચું રહેશે

અમદાવાદ,

બુધવારે પાટણ અને મહારાષ્ટ્રનું જલગાંવમાં દેશમાં સૌથી વધુ ૪૪.૬ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. જ્યારે ગુજરાતના ૧૦થી વધુ શહેરોમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. આગામી ચારથી પાંચ દિવસમાં રાજ્યભરમાં ગરમીનું જોર યથાવત રહેશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર-મધ્ય ગુજરાતના વિવિધ વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૪થી ૪૫ ડિગ્રીએ પહોંચી શકે છે. ત્યારે મહત્ત્વની વાત એ છે કે, બુધવારે દેશમાં સૌથી ગરમ સાબિતત થયેલા ૧૦ શહેરોમાંથી ૮ શહેરો ગુજરાતના છે.

તેમાંય પ્રથમ પાંચ ગરમ શહેરોમાં પ્રથમ ક્રમે જલગાંવ અને પાટણ- ૪૪.૬, બીજા ક્રમે- જુનાગઢ- ૪૪.૨, ત્રીજા ક્રમે વલ્લભ વિધાનગર- ૪૪.૧ અને ચોથા ક્રમે રાજસ્થાનના બાડમેરમાં ૪૩.૯ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. દેશના સૌથી ૧૦ ગરમ શહેરોમાંથી મહારાષ્ટ્રનું ૧, રાજસ્થાનનું ૧ અને મધ્યપ્રદેશના ૧ શહેરનો સમાવેશ થાય છે. જ્યારે સૌથી ગરમ ગુજરાતના શહેરોમાં પાટણ, જુનાગઢ, વલ્લભ વિધાનગર, રાજકોટ, છોટાઉદેપુર, અમરેલી, અમદાવાદ અને સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે.

## આતંકવાદ મુદ્દે ચીન યુએનમાં ઉઘાડું પડ્યું! રઉફ અઝહરને બ્લેક લિસ્ટ કરવાના ભારતના પ્રસ્તાવને અટકાવ્યો

નવીદિલ્હી,

આંતરરાષ્ટ્રીય મંચ પર આતંકવાદ અંગે ફરી એકવાર ચીન ઉઘાડું પડી ગયું છે. પાકિસ્તાનમાં આવેલા આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના આતંકી અબ્દુલ રઉફ અઝહરને બ્લેક લિસ્ટમાં નાખવાના ભારતના પ્રસ્તાવ સામે ચીને અડિંગો નાખ્યો હતો અને વાંધો વ્યકત કર્યો.

રઉફ અઝહર જૈશના વડા મસૂદ અઝહરનો ભાઈ છે. તે ૧૯૯૯માં ઈન્ડિયન એરલાઈન્સના વિમાન આઈસી૮૧૪ના અપહરણ, ૨૦૦૧માં સંસદ પર હુમલા અને ૨૦૧૬માં પઠાણકોટમાં ભારતીય વાયુસેનાના મથક પર હુમલા સહિત ભારતમાં અનેક આતંકી હુમલાનું કાવતરું ઘડવામાં સામેલ હતો.

ઉલ્લેખનીય છે કે ચીને ભારત તરફથી સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ૧૨૬૭ આઈએસઆઈએલ અને અલ કાયદા પ્રતિબંધિત યાદીમાં રઉફ અઝહરને સામેલ કરવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. અમેરિકાએ ૨૦૧૦માં રઉફ અઝહર પર બૅન મૂક્યો હતો. ગત વર્ષે ઓગસ્ટમાં પણ ચીને રઉફ અઝહરને આંતરરાષ્ટ્રીય આતંકી જાહેર કરવાના ભારત અને અમેરિકાના પ્રસ્તાવને વીટો કરી અટકાવી દીધો હતો.

## કુસ્તીબાજોએ મનાવ્યો બ્લેક ડે, માથા અને હાથ પર કાળી પટ્ટી બાંધીને સરકારનો વિરોધ કર્યો



નવીદિલ્હી,

ડબ્લ્યુએફઆઈ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કાર્યવાહીની માંગ સાથે દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ કરી રહેલા કુસ્તીબાજો આજે બ્લેક ડે મનાવ્યો હતો જંતર-મંતર ખાતે કુસ્તીબાજોએ માથા અને હાથ પર કાળી પટ્ટી બાંધીને સરકારનો વિરોધ કર્યો હતો. બજરંગ પુનિયા, સાક્ષી મલિક, વિનેશ ફોગટ, સંગીતા ફોગાટ અને અન્ય કુસ્તીબાજોએ માથા અને હાથ પર કાળી પટ્ટી બાંધી હતી. તેમની માંગ છે કે ડબ્લ્યુએફઆઈ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહની ધરપકડ કરવામાં આવે.

આ અંગે વાત કરતા બજરંગ પુનિયાએ કહ્યું કે, અમે તમામ દેશવાસીઓને વિનંતી કરીએ છીએ કે તેઓ અહીં આવીને સમર્થન આપે. સત્યની આ લડાઈમાં અમારી સાથે જોડાઓ.

વિનેશ ફોગાટે કહ્યું કે, મામલો હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે પરંતુ કાર્યવાહી ખૂબ જ ધીમી ગતિએ થઈ રહી છે. અમને ન્યાય જોઈએ છે અને અમે ઈચ્છીએ છીએ કે વધુને વધુ લોકો અમારી સાથે જોડાય. અમે રાજકીય પક્ષના લોકોને કોઈ ખાસ આમંત્રણ મોકલ્યું નથી, પરંતુ જો કોઈ આવીને અમને સમર્થન આપવા માંગે છે, તો તેમનું સ્વાગત છે.

વિનેશ ફોગાટે કહ્યું, આખા દેશને અમારી સાથે જોડવાની અપીલ છે. છોકરીઓ સમજી શકે છે કે અમે અહીં કેમ બેઠા છીએ? બ્રિજ ભૂષણના સમર્થકો પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, જે લોકો બ્રિજભૂષણ શરણ સિંહનું સમર્થન કરી રહ્યા છે, તેમના ઘરમાં કદાચ બહેન-દીકરીઓ નથી અથવા છે તો તેઓ તેમનું સન્માન નથી કરતા.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક ૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

ઠાકર ઓછવલાલ જમનાદાસ

તરફથી અભીનંદન....

મુ. ટીમ્બાગામ,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક ૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

બારીઆ પ્રવીણસિંહ લક્ષ્મણસિંહ

તરફથી અભીનંદન....

મુ. નસીરપુર,
તા. ગોધરા,
જી. પંચમહાલ

માર્ગ અને મકાન વિભાગ

જાહેર નિવિદા નંબર : એસકે/૩ સને ૨૦૨૩-૨૪

ગુજરાત સરકાર

કાર્યપાલક ઈજનેરશ્રી, મહીસાગર મા. અને મ. વિભાગ, લુણાવાડા–૩૮૯૨૩૦ (ફોન નં.૦૨૬૭૪/૨૫૦૪૮૬) તરફથી આ વિભાગના તાબા હેઠળના પેટાવિભાગ હસ્તકના જુદા–જુદા રસ્તાઓ, નાળા, પુલોના મરામતની કામગીરી માટે યોગ્ય કક્ષાની શ્રેણીમાં નોંધણી ધરાવનાર રજીસ્ટર ઈજારદારશ્રીઓ પાસેથી નિયત નમુનામાં સીલબંધ કવરમાં ભાવો માંગવામાં આવે છે. ક્રમ નં. (૧) થી (૩) ના કામો માટે કોરા ભાવપત્રકો મેળવવા માટે પોતાના લેટરપેડ પર અરજી સાથે નિયત ટેન્ડર ફી, શરતો મુજબના જરૂરી દસ્તાવેજી પુરાવા, સોલ્વન્સી સર્ટીફીકેટ રજુ કર્યેથી કોરા ભાવપત્રકો તા.૧૭.૦૫.૨૦૨૩ સાંજના ૧૬:૦૦ કલાક સુધી આપવામાં આવશે. ભરેલા ભાવપત્રકો સ્પીડપોસ્ટ/રજી.પો.એ.ડી.થી તા.૨૦/૦૫/૨૦૨૩ સુધીમાં સ્વીકારવામાં આવશે. એક અથવા બધા જ ભાવપત્રકો રદ કરવાની સત્તા ભાવો માગનાર કચેરીને અબાધિત રહેશે.

નોટીસ અંગેની વધુ માહિતી માટે રજા સિવાયના દિવસો દરમ્યાન કચેરીમાં રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/ગોધરા/૧૩૧/૨૦૨૩

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા ઈન્દિરા મેદાન ખાતે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા Y20 ગુજરાત યુવા સંવાદ યોજાયો



લુણાવાડા,
સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા મહીસાગર જીલ્લાના દરેક તાલુકા અને નગર વિસ્તાર મળીને ૦૯ જગ્યાએ વિવિધ પાંચ વિષયો પર Y20 ગુજરાત યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેના ભાગરૂપે પ્રથમ કાર્યક્રમ લુણાવાડા ઈન્દિરા મેદાન ખાતે યોજાયો. જેમાં આર.એસ.એસ. નગર કાર્યવાહ વકતા ધવલ પંચાલે આરોગ્ય સુખાગારી અને રમત ગમતઃ યુવાનો માટે કાર્યસુચી વિષય પર યુવાનો સાથે સંવાદ સાધ્યો હતો. યુવાઓમાં રમતગમત નિત્ય વ્યાયામ અને વ્યસનમુકિત વિષે સમજ આપી તેમના મૂંઝવતા પ્રશ્નો વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ યુવા સંવાદ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, પૂર્વ જીલ્લા ભાજપ મહામંત્રી મૂળજીભાઈ રાણા, શૈક્ષિક સંઘના પ્રદીપભાઈ પટેલ યુવા બોર્ડના હોદ્દેદારો જૈનિશ મોચી, સતીશ સોની તથા જીલા સંયોજક કમલેશભાઈ મછાર સહિત મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મયુર પંચાલે કર્યું હતું. જીલ્લામાં પ્રથમ કાર્યક્રમની સફળતાથી ખૂબ ઉત્સાહિત યુવાનોએ યૂથ ટોકના સ્પેશિયલ પોસ્ટર સાથે ફોટો ક્લિક કર્યો હતો.

આગામી સમયમાં જીલ્લામાં(૧) ભવિષ્યનું કાર્યઃ ઉદ્યોગ ૪.૦, ઈનોવેશન અને ૨૧મી સદીની કુશળતા (૨) આબોહવા પરીવર્તન અને આપત્તી જોખમમાં ઘટાડોઃ સ્થિરતાને જીવનનો માર્ગ બનાવવો (૩) વહેંચાયેલ ભવિષ્ય : લોકશાહી અને શાસનમાં યુવા (૪) શાંતિ નિર્માણ અને સમાધાન : યુદ્ધ ન થવાનાં યુગની શરૂઆત અને (૫) આરોગ્ય સુખાગારી અને રમત ગમત : યુવાનો માટે કાર્યસુચી સહિતનાં વિષયો ઉપર જીલ્લામાં ૫૦૦૦ થી વધુ યુવાનો અને યુવતીઓ youth talk માં ભાગ લઈ સંવાદનું આયોજન યુવા બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાત સંવાદમાં મોબાઈલ નં. ૮૪૦૧૪૦૦૪૦૦ ઉપર મિસકોલ કરીને જોડાઈ શકાય છે. આ youth talk માં જુદા જુદા વિષયોનાં નિષ્ણાંતો અને અનુભવી વક્તાઓ સાથે ટુ વે કમ્યુનિકેશન દ્વારા સંવાદ કરવામાં આવી રહ્યો છે. યુવાનોના શ્રેષ્ઠ વિચારોને રાષ્ટ્રીય મંચ પર ઉપસ્થિત થવામાં ગુજરાત સંવાદ માધ્યમ બનશે. સંવાદમાં ભાગ લેનારા દરેક યુવાનોને ઓનલાઈન ગવર્મેન્ટ સર્ટિફિકેટ મળશે.

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ મહીસાગર જીલ્લોના સંયોજક કમલેશભાઈ મછારના જણાવ્યા અનુસાર Ap youth talk માં વધુમાં વધુ યુવાનો જોડાય એ હેતુ વિવિધ સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ પર પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત શાળા, કોલેજ, કોચિંગ કલાસિસ, કમ્પ્યુટર કલાસિસ, એનએનએસ, એનસીસી, આઈટીઆઈ તથા વિવિધ સામાજીક સંગઠનો દ્વારા યુવાનોને માહિતિ આપવામાં આવી રહી છે.

# બાલાસિનોર તાલુકામાં રોજ થઈ રહ્યું છે વૃક્ષોનું નિકંદન



બાલાસીનોર,
વૃક્ષોનું જતન, વૃક્ષારોપણ, ગ્રીનરી, પર્યાવરણ, ઈકો ફ્રેન્ડલી વગેરે શબ્દો માત્ર ભાષણો પુરતા સિમિત રહી ગયા હોવાનું પ્રતિત થઇ રહ્યું છે. વૃક્ષો ક્રમશઃ ઘટી રહ્યા હોવાનું શહેરીજનો અનુભવી રહ્યા છે. ચોમાસામાં વૃક્ષારોપણ માટે ફક્ત ઉદઘાટન સમારોહ પુરતા પાવડા-ખાતર-વૃક્ષો લઈને ફોટા પડાવીને નેતાઓ-અધિકારીઓ જતા રહે છે.

શહેરીજનોના માથે જવાબદારી નાંખીને હાથ અદ્ધર કરી દે છે. વિકાસ કામો પાછળ શહેરમાં વર્ષો જુના અનેક વૃક્ષો અત્યાર સુધી કાપી નંખાયા છે. એ તો ઠીક પરંતુ ચોમાસામાં દર વર્ષે વરસાદ, વાવાઝોડમાં જ હજારો વૃક્ષો પડી જતા હોય છે.

વૃક્ષને ઉછેરતા વર્ષોના વર્ષો વિતી જાય છે. ત્યારે સામાન્ય તકેદારી, માવજત રાખીને વૃક્ષને પડી જતું બચાવી લેવાની તંત્રની બેદરકારી વિકાસનું સમતુલન જાળવવામાં તંત્ર-સત્તાધીશો નિષ્ફળ રહ્યા હોવાની લાગણી કે વિનાશની નિશાની છે, તે તો આવનારો સમય જ બતાવશે!

# ગોધરા બામરોલી રોડ મેહુલીયા જવાના રોડ ઉપર બાઈકની ઓવરટેક કરવા જતાં બાઈક રોડ ઉપર પડતાં બાઈક ચાલકનું મોત

ગોધરા,
ગોધરા શહેરના બામરોલી રોડ ઉપર ઈન્ડીયન ઓઈલના પેટ્રોલ પંપ સાથે બાઈક ચાલક અન્ય બાઈકની ઓવરટેક કરવામાં સ્ટેરીંગ પર કાબુ ગુમાવી રોડ ઉપર પડી જતાં ગંભીર ઈજાઓ થવાથી ચાલકનું મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાથી મેહુલીયા જતા રોડ ઉપર પેટ્રોલ પંપ પાસેથી બાઈક નં.જીજે.૧૭.સીબી.૨૦૮૯ને લઈને જતાં ચાલકે આગળ ચાલતી બાઈકની ઓવર ટેક કરવા જતાં હતા. દરમિયાન આગળ ચાલતી બાઈક સાથે અથડાતા બાઈકના સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી રોડ ઉપર પડતાં બાઈક ચાલક લલીતભાઈ સરદારભાઈ પટેલ ઉ.વ.૨૧ (રહે. પસનાલ, શહેરા)ને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. જ્યારે પાછળ બેઠેલ વ્યકિતને ઈજાઓ થવા પામી આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરાના ભામૈયા રોડ દાદા ભગવાન મંદિરથી દર્શન કરી પરત ફરતી મહિલાના ગળા માંથી સોનાની ચેઈન તોડી જતાં ફરિયાદ

ગોધરા,
ગોધરાના ભામૈયા રોડ ઉપર આવેલ ત્રિમૂર્તી દાદા ભગવાનના મંદિર ખાતે દર્શન કરી પરત ફરતી વેળાએ બાઈક ઉપર આવેલ ઈસમોએ ફરિયાદીની માતાના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિંમત ૬૦,૦૦૦/- રૂપીયા તોડી લઈ જઈ નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા-અમદાવાદ હાઈવે ઉપર ભામૈયા પાસે આવેલ ત્રિમૂતી દાદા ભગવાનના મંદિર ખાતે કામીનીબેન પ્રેમપ્રકાશ શર્મા તેમની માતા પુષ્પાબેન સાથે દર્શન માટે ગયા હતા અને રાત્રીના ૮.૧૦ વાગ્યાના સમયે પરત ફરતા હતા. ત્યારે બાઈક ઉપર આવેલ બે અજાણ્યા ઈસમોએ પુષ્પાબેનના ગળા માંથી સોનાની ચેઈન અને પેન્ડલ મળી કિંમત ૬૦,૦૦૦/-રૂપીયા તોડી લઈ નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ.

# દાહોદના ગોદી રોડ વિસ્તારમાં મહિનાઓથી પાણીનો પુરવઠો નહિ મળતાં રહિશોમાં ભારે રોષ

દાહોદ,
દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તાર ખાતે કેટલાય મહિનાઓથી પાણી પુરવઠો ન મળતા સ્થાનિકોમાં ભારે રોશની લાગણી ફેલાવવા પામી છે. સ્થાનિકો દ્વારા આજરોજ અહીંના સ્થાનિક કાઉન્સિલર ની મુલાકાત કરી હતી અને પાણીની સમસ્યાને લઈને રજૂઆત કરી હતી. ત્યારે સ્થાનિક કાઉન્સિલર દ્વારા જલ્દીથી જલ્દી પાણીની સમસ્યાને દૂર કરવામાં આવશે તેવી બાંહેધરી પણ આપવામાં આવી હતી. ત્યારે ગોદી રોડના રહીશો છેલ્લા કેટલાય સમયથી પીવાના પાણીની તંગીથી હેરાન પરેશાન બન્યા છે. ત્યારે આગામી દિવસોમાં જો સમયસર પાણી નહીં મળે તો ગાંધી ચીંધ્યા માર્ગે જવાની ચીમકી પણ સ્થાનિકો દ્વારા ઉચ્ચારવામાં આવી હોવાનું જાણવા મળે છે.

હાલ ભર ઉનાળે દાહોદ જીલ્લામાં જ્યાં જુઓ ત્યાં પાણીનો કપડાટ જોવા મળી રહ્યો છે. દાહોદ જીલ્લામાં મોટાભાગે નળશે જળ યોજનાનો ફિયાસ્કો પણ થવા પામ્યો છે. દાહોદ જીલ્લાના કેટલા ગ્રામીણ વિસ્તારો સહિત કેટલાક શહેરી વિસ્તારોમાં તો નડશે જળ યોજના માત્ર કાગળ પર હોવાનું જ જોવાઈ રહ્યું છે. ત્યારે બીજી તરફ દાહોદ શહેરની વાત કરીએ તો દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તાર ખાતે સ્થાનિકોને હોળી બાદ તો સમયસર પાણી અપાતો ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે આજરોજ ગોદી રોડના સ્થાનિક રહીશો દ્વારા અહીંના સ્થાનિક નગરપાલિકા કાઉન્સિલર લખન રાજગોરની મુલાકાત કરી હતી અને પાણીની સમસ્યાને લઈ રજૂઆત કરી હતી. ત્યારે કાઉન્સિલર લખન રાજગોર દ્વારા જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં ઉદ્દભવી રહેલ પાણીની સમસ્યાને લઈ દાહોદ નગરપાલિકાના સત્તાધીશો, પાણી પુરવઠાના અધિકારીઓ, સાંસદ, મંત્રી થી લઈ ઉચ્ચકક્ષાએ અનેક વાર રજૂઆતો કરવામાં આવી છે. પાણી પુરવઠાના અધિકારીઓને આ મામલે અનેકવાર રજૂઆતો કરવા છતાંય તેમના પેટનું પાણી હાલતું ન હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. જણાવ્યા અનુસાર તેઓ પોતાના વિસ્તારમાં પોતાના સ્વખર્ચે પાણીના ટેન્કરો પણ મંગાવે છે અને જે વિસ્તારમાં પાણીની સમસ્યાઓ ઉદ્દભવી રહી છે તે વિસ્તારમાં પાણીના ટેન્કરો મારફતે પાણી પહોંચાડવાનું કામ પણ કરી રહ્યા છે, પરંતુ ૨૫૦૦૦ જેટલી વસ્તી ધરાવતા આ વિસ્તારમાં ક્યાં ક્યાં પાણીના ટેન્કરો અને કઈ રીતે ફાળવી શકાય તે સમસ્યા પણ ઉદ્દભવી રહી છે, પોતાની રીતે જેટલી યથાશક્તિ છે. તે પ્રમાણે સ્થાનિકોની મદદ કરી રહ્યા છે,પરંતુ આ મામલે દાહોદ નગરપાલિકા પાણી પુરવઠાથી લઈ પાણી પુરવઠા ની એજન્સીઓને અનેકવાર રજૂઆત કરવા છતાં એ તેઓ આ મામલે કોઈ ધ્યાન આપતા નથી. તેવા આક્ષેપો પણ કર્યા હતા.

ગોદી રોડ વિસ્તારના લોકોને ભરઉનાળે પાણીની સમસ્યા સર્જાતા ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવા છતાંય કોઈ નિકાલ ન આવતા ગોદી રોડ વિસ્તારના સુધરાઈ સભ્યો હડતાલ પર ઉતરવાની તૈયારીમાં હોવાનું જણાઈ રહ્યું છે.

દાહોદના ગોદી રોડ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની સમશ્યા સર્જાય રહેજે છે, પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણી આપવામાં આવતૂ નથી. સંપૂર્ણ ગોદીરોડ વિસ્તાર કડાણાના પાણી પર નિર્ભર છે, ગોદીરોડ વિસ્તારના લોકોને પાણી ન મળતા જે સમસ્યા ગોદીરોડ વિસ્તારના સુધરાઈ સભ્યો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા છતાંય ઉચ્ચકક્ષાએ બેઠેલા સત્તાધીસો દ્વારા આખં આડા કાન કરવામાં આવી રહ્યા છે. જેના કારણે લોકોની સમસ્યા યથવત છે. જેના કારણે લોકો પાણીની સમસ્યાને લઈ ભરઉનાળે લોકો હેરાન પરેશાન થવા મજબુર બન્યા છે. સુધરાઈ સભ્યો દ્વારા પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓને લોકોને પાણી ન મળવાના કારણે થતી તકલીફોની અનેકોવાર વારંવાર રજૂઆત કર્યા પછી પાણી પૂરવઠાના અધિકારીઓ દ્વારા કઈ ધ્યાન ન આપવામાં આવતું નથી. જેને લઈ ગોદીરોડના સુધરાઈ સભ્યોએ સ્થાનીકો જોડે મળી ગોદીરોડના સુધરાઈ સભ્યો હડતાલ પર ઉતરવાનું હોવાનું જાણવા મળેલ છે.

# ગોધરાના મેશરી નદી માંથી ચોમાસા પૂર્વે ઝાડી-ઝાંખરા દુર કરી નદીને ઉંડી કરવામાં આવે તેવી માંગ સાથે કલેકટરને રજુઆત



ગોધરા,
ગોધરાના મધ્ય માંથી પસાર થતી મેશરી નદીમાં ગંદકી અને ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ત્યારે નદીમાં ઉગી નિકળેલ ઝાડી ઝાંખરા દુર કરી નદીને ઉંડી કરવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ.

ગોધરા શહેરની મધ્ય માંથી મેશરી નદી પસાર થાય છે. આ નદીમાં ભુતકાળમાં સવાર-સાંજે લોકો ફરવા આવતા હતા. સાથે ઉનાળાની સીઝનમાં નદીની ઠંડકમાં લોકો બેસીને ઠંડક મેળવતા હતા પરંતુ હાલમાં મેશરી નદીમાં ઉગી નિકળેલ ઝાડી-ઝાંખરા તેમાં પણ ગંદા પાણીને લઈ નદીમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ઝાડી-ઝાંખરાને લઈ નદીમાં ચોમાસાની સીઝનમાં પાણીના પ્રવાહ વધતા પાણીમાં ઉભા થતા અવરોધને લઈ નદી કિનારા વિસ્તારના લોકોના ઘરોમાં પાણી ભરાઈ જતાં આર્થિક નુકશાન વેઠવું પડતું હોય છે. મેશરી નદી પ્રતિદિન છીછરી થતી જાય છે. ત્યારે નદીની ઉંડાઈ વધારવામાં આવે તે જરૂરી છે. હવે જ્યારે ચોમાસાની સીઝન નજીક છે. ત્યારે મેશરી નદી માંથી ઝાડી-ઝાંખરા દુર કરી નદીને ઉંડી કરવા માટે જીલ્લા વહીવટી તંત્ર અને પાલિકા કાર્યવાહી કરે તે જરૂરી છે. તેવી માંગ સાથે ગોધરા પાલિકાના માજી સભ્ય દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ છે.

# હાલોલ-વડોદરા રોડ નર્મદા કેનાલ પાસે ટ્રકમાં ભીષણ આગ સદ્દનસીબે જાનહાની ટળી



હાલોલ,
આજે બપોર ના સમયે આગ લાગી હતી. જે આગ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ટ્રકનાં આગળનો ભાગ બળી ગયો હતો. આગ લાગતાં અફડા તફડી જેવો માહોલ થઈ ગયો હતો. કોઈ અગમ્ય કારણોસર ટ્રકમાં આગ લાગી ગઈ હતી અને ટ્રકનો આગળનો સંપૂર્ણ ભાગ બળી ગયો હતો. હાલોલ ફાયર બ્રિગેડને જાણ થતાં તરત જ ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને ટ્રકમાં લાગેલી આગ પર કાબુ મેળવ્યો હતો. મળતી માહિતી મુજબ આ ટ્રક મુંબઈ થી ગોધરા તરફ જઈ રહી હતી અને ટ્રકમાં અનાજ ગુણો હતી. નસીબ જોગે ટ્રકના ચાલક અને ક્લીનરનો અદ્દભુત બચાવ થયો હતો.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ ગુરુ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિથી ભરપુર રહેશે. આ સમયે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમે અટકેલા પૈસા પ્રાપ્ત કરશો. નોકરીમાં પ્રમોશન તમે ચોક્કસપણે મેળવી શકશો.

વૃષભ : આજે તમારો દિવસ ભાગ્યશાળી રહેશે. ઘરે અને બહારના વધુ સપોર્ટિવ વાતાવરણને કારણે લગભગ તમામ કાર્યો સરળતાથી પૂર્ણ કરવામાં આવશે, પરંતુ ઉધાર સંબંધિત વર્તણૂકને લીધે થોડી ચિંતા થઈ શકે છે.

મિથુન : તમારો દિવસ સામાન્ય કરતા વધારે શુભ રહેશે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્ર પર તમને તમારી પ્રતિભા બતાવવાની તક મળશે. પૈસાના ફાયદા માટે આજે થોડી વધુ બૌદ્ધિક અને શારીરિક મહેનત કરવી પડી શકે છે.

કર્ક : તમારા સારા કાર્યોથી તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધશે. તમને તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યમાં સહકાર આપશો. બાળકોને તેમના શ્રેષ્ઠ વર્તન અને તેમની સફળતાની ખ્યાતિ અને ખુશી મળશે.

સિંહ : આજનો દિવસ ઉતાર-ચઢાવનો રહેશે. તમારી વિચારસરણીમાં નિરાશા ના આવવા દો. વધુ વ્યસ્ત કાર્યને લીધે સામાજિક ક્ષેત્રથી અંતર રહેશે. પૈસાના લાભ માટે કરવામાં આવતા પ્રયત્નોમાં મુશ્કેલીઓ સફળતા તરફ દોરી જશે. પ્રેમ સંબંધના કારણે કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. અતિશય ભાવુક રહેશો. આ કારણોસર ઘર અને બહારનું વાતાવરણ દૂષિત થઈ શકે છે. આર્થિક આયોજનોને પૂરા કરવામાં અવરોધ આવી શકે છે.

તુલા : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે. પ્રતિસ્પર્ધકો હારશે અને કાર્ય ધંધો પહેલા કરતા વધુ સારી રીતે ચાલશે. તમારી મોટાભાગની આયોજિત યોજનાઓ સફળ થશે, જેનાથી આત્મવિશ્વાસ વધશે. ધંધામાં નવા પ્રયોગો વધારે ફાયદો લાવશે.

વૃશ્ચિક : તમને આજે થોડી કાળજી લેવાની સલાહ આપવામાં આવી છે, કોઈ ભૂલને લીધે તમારા મનમાં થોડી પીડા થઈ શકે છે. આજે બાકી રહેલા સરકારી કામોને કારણે સમય અને નાણાંનો વ્યય થઈ શકે છે. બાળકો પ્રત્યેનો તમારો પ્રેમ વધશે.

ધનુ : ધંધામાં ઝડપથી નિર્ણય ના લેવાને કારણે કામમાં અડચણ અને નુકસાન થઈ શકે છે. નોકરી કરનારાઓના અધિકારમાં વધારો કરી શકાય છે. કોઈપણ માંગલિક કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો. આજે ખર્ચા કરશો.

મકર : આજે ધૈર્યથી કાર્ય કરો કારણકે ઉતાવળા કામોને લીધે નુકસાનની સંભાવના છે. ભૌતિક સુવિધાઓ વધશે અને તમે તમારા હાથમાં મોટી રકમ મેળવીને ખુશ થશો. પેટ સાથે સંબંધિત પાચન કાર્ય અને પેટની વિકૃતિઓ મુશ્કેલીકારક હોઈ શકે છે.

કુંભ : દિવસના પહેલા ભાગમાં તમે મૂંઝવણમાં આવી શકો છો. કોઈ પણ કાર્યમાં સ્પષ્ટતાના અભાવને કારણે કાર્ય અટકી શકે છે, ફક્ત મન જ કાર્યોની રૂપરેખા બનાવશે. ધીરે ધીરે પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જશે.

મીન : આ દિવસે તમે તમારા જીવન સાથેના તમામ કાર્યો કરી શકશો, પરંતુ તેમ છતાં સફળતા મેળવવામાં શંકા રહેશે. નિયમોનું પાલન ના થવાને કારણે સરકારી કામ પણ અધૂરા રહેશે.

## દિલ્હીમાં એલજી નહીં ચૂંટાયેલી સરકાર જ અસલી 'બોસ'

# ઉપરાજ્યપાલ જાહેર વ્યવસ્થા, પોલીસ અને જમીન સિવાયની તમામ બાબતોમાં દિલ્હી સરકારની સલાહ પર જ કામ કરશે



નવીદિલ્હી,
દિલ્હીમાં મુખ્યમંત્રી અને ઉપરાજ્યપાલના મામલામાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે મોટો નિર્ણય સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અધિકારીઓની પોસ્ટિંગ અનેટ્રાન્સફરનો અધિકાર દિલ્હી સરકાર પાસે હોવો જોઈએ. એટલે કે ઉપરાજ્યપાલ નહીં, મુખ્યમંત્રી જ દિલ્હીના સાચા બોસ હશે. કોર્ટની બંધારણીય બેંચે કહ્યું- ઉપરાજ્યપાલ જાહેર વ્યવસ્થા, પોલીસ અને જમીન સિવાયની તમામ બાબતોમાં દિલ્હી સરકારની સલાહ પર જ કામ કરશે.

સુપ્રીમ કોર્ટે ગુરુવારે દિલ્હીમાં સરકારી કર્મચારીઓની બદલી અને પોસ્ટિંગના અધિકાર પર ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. સીજેઆઈ ડીવાય ચંદ્રચુડે ચુકાદો સંભળાવતા કહ્યું કે અમે બધા જજ તે વાત સાથે સહમત છીએ કે આગળ આવું ફરી ક્યારેય ન થવું જોઈએ.અમે ન્યાયમૂર્તિ ભૂષણના ૨૦૧૯ના ચુકાદા સાથે સહમત નથી, જેમાં કહેવામાં આવ્યું હતું કે દિલ્હી સરકારને સંયુક્ત સચિવના સ્તરથી ઉપરના અધિકારીઓ પર કોઈ સત્તા નથી. ભલે એનસીટીડી સંપૂર્ણ રાજ્ય ન હોવા છતાં, તેની પાસે કાયદો ઘડવાની સત્તા છે.

કોર્ટે કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્યો બંને પાસે કાયદો ઘડવાની સત્તા છે, પરંતુ તે વાતનું ધ્યાન રાખવામાં આવે કે કેન્દ્ર એટલી દખલગીરી ન કરે કે તે રાજ્ય સરકારનું કામ પોતાના હાથમાં લઈ લે અને જો કોઈપણ અધિકારીને લાગે છે કે સરકાર તેના પર અંકુશ રાખી શકતી નથી તો તેની જવાબદારી ઘટી જશે અને તેના કામ પર અસર પડશે. ઉપરાજ્યપાલે દિલ્હી સરકારની સલાહ પર જ કામ કરવાનું રહેશે.

સીજેઆઈ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેન્ચે ૧૮ જાન્યુઆરીએ આ મામલે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. સીજેઆઈ ઉપરાંત બેન્ચમાં જસ્ટિસ એમઆર શાહ, જસ્ટિસ કૃષ્ણ મુરારી, જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ પીએસ નરસિમ્હાનો સમાવેશ થાય છે.આ પહેલા મેયરની ચૂંટણીમાં નોમિનેટેડ કાઉન્સિલરોને મતદાનનો અધિકાર આપવાના મામલે સુપ્રીમ કોર્ટે આમ આદમી પાર્ટીને પણ રાહત આપી હતી. કોર્ટે કહ્યું હતું કે નામાંકિત સભ્યોને મત આપવાનો અધિકાર નથી.

જાન્યુઆરીમાં સુનાવણી દરમિયાન કેન્દ્રએ આ મામલાને મોટી બેંચ પાસે મોકલવાની માંગ કરી હતી. કેન્દ્ર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું- મામલો દેશની રાજધાનીનો છે. આથી તેને મોટી બેંચ પાસે મોકલવો જોઈએ. ઈતિહાસ કદાચ આપણને યાદ ન અપાવતો હોય કે આપણે દેશની રાજધાની સંપૂર્ણ અરાજકતા માટે સોંપી દીધી હતી, તેથી સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદામાં વિલંબ એ ધોરણ ન હોવું જોઈએ. આ બાબતે સીજેઆઈએ કહ્યું હતું કે જ્યારે સુનાવણી પૂરી થવાની છે ત્યારે આવી માંગ કેવી રીતે કરી શકાય? કેન્દ્રએ આ અંગે અગાઉ ચર્ચા કેમ ન કરી? આ પછી કોર્ટે તેમની માંગને ફગાવી દીધી હતી.

કેન્દ્રની માંગ પર વાંધો ઉઠાવતા દિલ્હી સરકારના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું- અહીં એવી તસવીર રજૂ કરવામાં આવી રહી છે કે રાષ્ટ્રીય રાજધાની હાઈજેક કરવામાં આવી રહી છે. સંસદ કોઈપણ કાયદો બનાવી શકે છે, પરંતુ અહીં અધિકારીઓને લગતી નોટિફિકેશનનો મામલો છે. આ બાબતમાં વિલંબ કરવાની એક પદ્ધતિ છે, જેને કેન્દ્ર સરકાર અપનાવી રહી છે.

આપ સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર વચ્ચે અધિકારોની આ લડાઈ ૨૦૧૫માં દિલ્હી હાઈકોર્ટ સુધી પહોંચી હતી. ઓગસ્ટ ૨૦૧૬માં હાઈકોર્ટે આ અંગે સુનાવણી કરતા રાજ્યપાલની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.આપ સરકારે તેની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ૫ જજની બંધારણીય બેન્ચે આ મામલાની સુનાવણી કરી અને જુલાઈ ૨૦૧૬માં આપઁ સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો. કોર્ટે કહ્યું કે સીએમ દિલ્હીના કાર્યકારી વડા છે. લેફ્ટનન્ટ ગવર્નર મંત્રી પરિષદની સલાહ અને સહાય વિના સ્વતંત્ર રીતે કાર્ય કરી શકતા નથી. આ પછી, સેવાઓ પર નિયંત્રણ જેવી કેટલીક બાબતો એટલે કે અધિકારીઓને બે સભ્યોની નિયમિત બેંચ સમક્ષ સુનાવણી માટે મોકલવામાં આવ્યા હતા. ચુકાદામાં બંને જજોનો અભિપ્રાય અલગ-અલગ હતો. આ પછી મામલો ૩ સભ્યોની બેંચ પાસે ગયો. તેમણે કેન્દ્રની માંગ પર ગયા વર્ષે જુલાઈમાં તેને બંધારણીય બેંચને મોકલી હતી. બંધારણીય બેંચે જાન્યુઆરીમાં પાંચ દિવસ સુધી આ મામલાની સુનાવણી કરી હતી અને ૧૮ જાન્યુઆરીએ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો અને આજે કોર્ટ પોતાનો ચુકાદો આપ્યો હતો

સુપ્રીમ કોર્ટના નિર્ણય પર દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે ટ્વીટ કરીને કહ્યું કે દિલ્હીના લોકો સાથે ન્યાય કરવા બદલ માનનીય સુપ્રીમ કોર્ટનો હૃદયપૂર્વક આભાર. આ નિર્ણયથી દિલ્હીના વિકાસની ગતિ બમણી થશે. જનતંત્રની જીત થઈ. આ ઉપરાંત આપના નેતાઓએ પણ કોર્ટના નિર્ણયને આવકાર આપ્યો હતો અને જણાવ્યું હતું કે આખરે આપ સરકારમાં નિર્ણય આવતા સત્યની જીત થઈ છે.

# અમદાવાદમાં ૪૪ ડિગ્રી તાપમાન થતા કાંકરિયા ઝૂના પ્રાણીઓ પણ પરેશાન, પ્રાણીઓને ઠંડક આપવા અનેક પ્રયાસ

અમદાવાદ,
ગુજરાતમાં સૂર્ય દેવતા જાણે અગનગોળા વરસાવી રહ્યા છે. ૪૪ ડિગ્રી તાપમાનમાં અમદાવાદ ખૂબ જ તપી ગયું છે. લાલચોળ ગરમીના પગલે અમદાવાદમાં લોકો તોબા પોકારી ઉઠ્યા છે. માણસોની સાથે કાંકરિયા ઝૂના પ્રાણીઓ પણ પરેશાન થઈ ગયા છે. કાંકરિયા ઝૂના સત્તાવાળા અને સ્ટાફ દ્વારા ગરમીમાં પ્રાણીઓને ઠંડક આપવાના અનેકવિધ પ્રયાસ કરાયા છે. જેમાં ક્યાંક ગ્રીન નેટ લગાવી છાંયડો આવે તેવી વ્યવસ્થા કરાઈ છે. તો અનેક સ્થળે કુલર ગોઠવીને પ્રાણીઓને ઠંડો પવન આપવામાં આવી રહ્યો છે. કેટલાક પ્રાણીઓ પર સતત પાણીનો છંટકાવ કરવામાં આવે છે. લાલચોળ ગરમીથી પ્રાણીઓને બચાવવા માટે કાંકરિયા ઝૂનો સ્ટાફ સતત માવજત કરી રહ્યો છે.

સૂર્યનારાયણના રૌદ્ર સ્વરૂપ વચ્ચે સિંહ અને અન્ય પ્રાણીઓના વર્તનમાં પણ મોટાપાયે ફેરફાર થતા હોય છે. જંગલનો રાજા સિંહ સવાર અને સાંજે ઠંડકના સમયે જ ફરતા જોવા મળે છે. જ્યારે બપોરે ગરમીથી બચવા છાંયાવાળા વિસ્તારમાં બેસી રહેવાનું વધુ પસંદ કરે છે.

દરમિયાન આકરા તાપમાં ગીર જંગલમાંવહેતા ઝરણા અને કુદરતી પાણીના સ્રોત સૂકાઈ જાય છે.વન વિભાગ જંગલી પ્રાણીઓએ કોઈ રઝળપાટ ન કરવી પડે તે માટે સતર્ક છે. એક ફેબ્રુઆરીથી જંગલ વિસ્તારમાં ૫૦૦ જેટલા પાણીના પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે. કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં ટેક્રર મારફતે પાણી ભરવામાં આવે છે. તો કેટલાક સ્થળે પવન ચક્કી અને સોલારથી ટાંકા દ્વારા પાણીના કુંડા ભરવામાં આવે છે.



# અમૃત આવાસોત્સવ



માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌હસ્તે

₹ ૧૯૪૬ કરોડના ૪૨,૪૪૧ આવાસોના ગૃહ પ્રવેશ, લોકાર્પણ અને ખાતમુહૂર્ત

તેમજ ₹ ૨૪૫૨ કરોડના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત

**તારીખ:** ૧૨ મે, ૨૦૨૩ | **સમય:** ૧૨:૦૦ વાગે | **સ્થળ:** મહાત્મા મંદિર, ગાંધીનગર

### ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી સી. આર. પાટીલ**

માનનીય સંસદસભ્ય (લોકસભા), નવસારી

**શ્રી રાઘવજીભાઈ પટેલ**

માનનીય મંત્રી, કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**

માનનીય મંત્રી (રાજ્ય કક્ષા), આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ

શહેરી વિકાસ વિભાગના ₹ ૧૬૫૪ કરોડના ૧૩ પ્રકલ્પો
પાણી પુરવઠા વિભાગના ₹ ૭૩૪ કરોડના ૬ પ્રકલ્પો
માર્ગ અને મકાન વિભાગના ₹ ૩૯ કરોડના ૧ પ્રકલ્પ તેમજ ખાણ અને
ખનીજ વિભાગ - જી.આઈ.ડી.સી.ના ₹ ૨૫ કરોડના ૧ પ્રકલ્પનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત

અમૃત આવાસોત્સવ




### પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી

૧૮૯૯૭ આવાસોના ગૃહપ્રવેશ
૭૧૧૩ આવાસોના લોકાર્પણ
૪૩૩૧ આવાસોના ખાતમુહૂર્ત
**કુલ ₹ ૧૭૬૨ કરોડ**

### પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ

૧૨૦૦૦ આવાસોનું લોકાર્પણ
**કુલ ₹ ૧૮૪ કરોડ**




કાર્યક્રમનું જીવંત પ્રસારણ : CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## સ્માર્ટ સીટીનું બુલડોઝર ફરી વળ્યું

# દાહોદમાં તંત્રની મેગા ડીમોલેશન ડ્રાઈવ : નેતાજી બજારથી શરૂ કરી પાલિકા ચોકમાં બુલડોઝર ફરી વળતા મસ મોટા શોરૂમ મિનિટોમાં ખંડેર થઇ ગયા







તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



દાહોદ,

દાહોદમાં સવારે દબાણ હટાવ ઝુંબેશનો બીજો રાઉન્ડ શરૂ કરવામાં આવતાં આખાયે શહેરમાં ઉત્તેજના સાથે દોડધામ મચી ગઇ હતી. કારણ કે, શહેરના હાર્દ સમા નગર પાલિકા ચોકમાંથી પાકા દબાણો હટાવવામાં આવતાં શહેરીજનો અને વેપારીઓ અવાક રહી ગયા હતા. શહેર આજે સ્વયંભુ બંધ રહ્યું છે. ત્યારે કેટલાયે પરિવારોમાં શોકની કાલિમા છવાઇ ગઇ છે.

દાહોદનો સમાવેશ સ્માર્ટ સીટીમાં થયા બાદ જમીનની નીચેના તમામ કામ પૂર્ણ કરી દેવાયા છે. હવે શહેરમાં સ્માર્ટ રોડના કામ શરૂ થવાના છે. જેના માટે નિયમોનુસારની રોડની પહોળાઇ જરૂરી છે. જેથી રોડ પર જે દબાણો કરેલા હતા તે હટાવવા જરૂરી હોવાથી આશરે મહિના દોઢ મહિના પહેલા જ માપણી કરીને નિશાન કરી દેવાયા હતા, જ્યાં નિશાન કરાયા હતા. તેની આગળનું બાંધકામ દબાણ છે, તેવો સાદો અર્થ કાઢવામાં આવતો હતો. ત્યાર બાદ પણ વેપારીઓમાં અસમંજસની સ્થિતિ હતી. તેવા સમયે જ નગર પાલિકા દ્વારા દબાણદારોને નોટીસો આપી દઇ દબાણ દુર કરવા જણાવાયું હતું પરંતુ વેપારીઓને ઉંડે ઉંડે આશા હતી કે કોઇક રસ્તો નીકળશે અને છેવટે બે અઢી મહિનાનો સમય આપવામાં આવશે, પણ તેમ થઇ શક્યુ નહી.

એક અઠવાડિયા પહેલા દેસાઈવાડ થી ગોધરા રોડ અને ગોદી રોડના દબાણો દુર કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ આજે તારીખ ૧૧ મેના રોજ સવારે જ પડાવમાં કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. નેતાજી બજારથી ઓટલા અને પગથિયા તોડવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ નગર પાલિકા ચોકમાં જેસીબી અને હિટાચી મશીનો સાથે એસડીએમ એન.બી.રાજપુત, એએસપી જગદીશ બાંગરવા, મામલતદાર મનોજ મિશ્રા પોલીસ કુમક તેમજ એસઆરપી જવાનોના બંદોબસ્તમાં આવી પહોંચ્યા હતા. એકાએક જ દબાણો હટાવવાની શરૂઆત કરતા પહેલા જ વેપારીઓમાં દોડધામ મચી ગઇ હતી અને સામાન હટાવવા માટેની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી.

તે દરમિયાન નગર પાલિકા પ્રમુખ રીના પંચાલ, પક્ષના નેતા રાજેશ સહેતાઈ, શહેર ભાજપ પ્રમુખ પ્રશાંત દેસાઈ તેમજ અન્ય નગર સેવકોએ પ્રાંત અધિકારી પાસે સમય માંગ્યો હતો કે જેથી સામાન ખસેડી શકાય પરંતુ પ્રાંત અધિકારીએ કોઈની એક ન માની હતી. છેવટે શહેરના હાર્દ સમા પાલિકા ચોકમાં પાકી બહુમાળી દુકાનો પર બુલડોઝર ફરી વળતાં થોડા જ સમયમાં આખુયે માળકુ ખંડેર થઇ ગયું હતું. તેની સામે જ આવેલા એક બે માળના શોપીંગ સેન્ટરની લોબી અને ઝુકાવ પણ તોડી પાડવામાં આવતા હવે વેપારીઓ કે ગ્રાહકો કેવી રીતે દુકાનનમાં જશે તે પણ એક સવાલ છે. આ કામગીરી લગભગ આખો દિવસ ચાલવશે તે નિશ્ચિત છે.

શહેરમાં કુલ ૫૦૪ જેટલા વેપારીઓને દબાણો ખાલી કરવા નોટીસો આપવામાં આવી છે. ત્યારે કોમર્શીયલ દબાણો દુર કરવાનું આજશી શરૂ થયુ છે. તે પણ શહેરના મુખ્ય બજાર માંથી તેને પ્રારંભ કરાતા સ્માર્ટ રોડ બનવાની દિશા ઉજ્વળ થઇ છે, પરંતુ તેની સાથે વેપારીઓના ધંધા રોજગાર છીનવાઇ રહ્યા છે, તે પણ એટલું જ કડવુ સત્ય છે. એક સોનાના વેપારીએ તો હાલમાં જ શો રૂમનું રીનોવેશન કરાવ્યું છે. ત્યારે પાંચ થી સાત ફુટ દબાણ હોવાથી તે પણ તોડી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તોડ ફોડ દરમિયાન વેપારીઓ અને તેમના પરિવારજનોમાં ગમગીની ચહેરા પર સ્વાભાવિક રીતે જ જોવા મળતી હતી પરંતુ સત્તા આગળ શાણપણ નકામું તે ફરી એકવાર પુરવાર થયુ હોવાની લાગણી વેપારીઓમાં ફેલાઇ છે. બીજી તરફ તંત્રની દલીલ એવી છે કે, તમારા દબાણો બાબતે તમને ખાલી કરવા માર્કિંગથી માંડી નોટીસો આપવા સુધીનો સમય મળવા છતાં સ્વૈચ્છાએ દુકાનો ખાલી કરવામાં આવી નથી. ત્યારે રજૂઆત કર્તાઓને પણ તંત્રના અધિકારીઓ જણાવે છે કે, તમે સહકાર આપતા નથી.

દાહોદ શહેર પહેલા ખુલ્લુ હતું અને ત્યારબાદ મોટે ભાગે નગર પાલિકા દ્વારા જ શોપીંગ સેન્ટરો બાંધવામાં આવ્યા હતા અને તેને કારણે શહેરનું નવીનીકરણ થયું હતું. તેની સાથે અપ ડાઉન રસ્તા, ડીવાઇડર વિગેરે પણ બન્યા હતા. હવે જ્યારે આ દુકાનો જ દબાણ હોવાથી તૂટી રહી છે. ત્યારે હાલ તો શહેર વેરાન લાગશે તે નિશ્ચિત છે. જ્યારે ને ત્યારે સ્માર્ટ રોડ બનશે, ત્યારે કેવું દાહોદ હશે તે કલ્પના જ કરવી રહી પણ વર્તમાનમાં તો કલ ચમનથી આજ યે સેહરા હુઆ જેવું લાગી રહ્યું છે.

## ગોધરા અને હાલોલ તાલુકા ખાતે G-20 અંતર્ગત યુવા સંવાદ કાર્યક્રમ યોજાયા



ગોધરા,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કુશળ વહીવટને પગલે દેશને G-20 નું અધ્યક્ષસ્થાન મળ્યું છે. ત્યારે Y-20ના માધ્યમથી ગુજરાત તથા પંચમહાલ જીલ્લામાં વધુમાં વધુ યુવાનો દેશ હિત અને વિકાસ માટે જરૂરી પોતાના વિચારો રજૂ કરી શકે તે માટે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજ્યના ગૃહ મંત્રી અને રમત-ગમત મંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

જીલ્લાના ગોધરા અને હાલોલ તાલુકા ખાતે પણ વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ગોધરા તાલુકાના વાલૈયા ખાતે નાયબ પોલીસ અધિક્ષક પરાક્રમ રાઠોડની ઉપસ્થિતિમાં તથા હાલોલ તાલુકાના વાકડિયા ખાતે ડો.હર્ષદ મેહરાની અધ્યતામાં યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વકતાઓ દ્વારા યુવાઓની સમાજમાં ભૂમિકા, આરોગ્ય તેમજ રમત ગમત વિષયો પર જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ યુવા સંવાદ તકે જીલ્લા પંચાયત દંડક અરવિંદસિંહ પરમાર, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ પ્રેમિલાબેન પરમાર,પૂર્વ ઉપપ્રમુખ ગોપાલભાઈ પટેલ, તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચ સહિત જીલ્લા અને તાલુકાના સંયોજકો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલના કંજરી ગામે સ્મશાન નજીકથી યુવકનો મૃતદેહ મળતા ચકચાર



હાલોલ,

હાલોલ તાલુકાના કંજરી ગામે આવેલા સ્મશાન નજીકથી એક યુવકનો મૃતદેહ મળતા ચકચાર મચી જવા પામી હતી. યુવક શિવરાજપુર નજીક કેસરપુરા ગામનો હોવાનું જાણવા મળ્યું છે અને તે તેના પિતા કંજરી ગામેમાં ખેતી કરતા હોવાથી ત્યાં પિતા સાથે ખેતરમાં રહેતો હતો. મૃતદેહ અંગે પોલીસને જાણ થતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી હતી. યુવકના મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડ્યો હતો.

હાલોલ તાલુકાના શિવરાજપુર નજીક આવેલા કેસરપુરા ગામના ખીમાભાઈ રાઠવા પત્ની અને એક પુત્ર તથા બે પુત્રીઓ સાથે કંજરી ગામે ખેતીની જમીન ભાગે રાખી ખેતરમાં જ ઝુંપડું બાંધી રહેતા હતા. ત્રણ વર્ષથી કંજરી ગામના એક પટેલની જમીન ભાગે કરતા હોવાથી તેઓ અહીં ખેતરમાં જ રહેતા હતા. તેઓના પુત્ર રાઠવાની માનસિક સ્થિતિ ઠીક ન હતી. તેને દિનેશ વારંવાર ખેંચ આવતી હોવાથી તેની વાઘોડિયાના ગોરજ ખાતે આવેલ મુનિ સેવાશ્રમ ખાતે તેની સારવાર પણ કરાવવામાં આવી હતી. સોમવારે સવારે ૧૦:૦૦ વાગ્યા પછી ખીમાભાઈનો પુત્ર દિનેશ રાઠવા ઘરેથી નીકળ્યો હતો. જે રાત સુધી ઘરે ન આવતા ખીમાભાઈએ મંગળવારે સવારે આઠ વાગ્યે તેઓના ગામ કેસરપુરામાં ફોન કરી તપાસ કરતા જાણવા મળ્યું હતું કે દિનેશ કેસરપુરામાં હતો, પરંતુ સવારે નીકળી ગયો હતો. માનસિક રીતે અસ્વસ્થ હોવાથી દિનેશ વારંવાર કહ્યા વગર ઘરેથી નીકળી જતો અને તેની ઈચ્છા થાય તો પરત પણ આવી જતો જેના કારણે ખીમાભાઈને લાગ્યું કે તે સાંજ સુધીમાં પરત આવી જશે.

મંગળવારે રાત્રે પણ દિનેશ ઘરે ન આવતા ખીમાભાઈએ તપાસ કરી હતી અને બુધવારે સાંજે કંજરી ગામે તેઓની ભાગે રાખેલી જમીનથી બે કિલોમીટરના અંતરે એક યુવકનો મૃતદેહ પડ્યો હોવાની જાણ થતા તપાસ કરતા તે દિનેશ ન હોવાનું જાણવા મળ્યું હતું. દિનેશનું મૃત્યુ કેવી રીતે થયું તે જાણી શકાયું નથી. પોલીસે મૃતદેહને પીએમ માટે હાલોલ રેફરલ હોસ્પિટલધરી હતી. દિનેશ મંગળવારે સવારે કેસરપુરાથી નીકળી શિવરાજપુર આવ્યો હતો અને શિવરાજપુરથી એસટી બસમાં બેસીને હાલોલ આવ્યો હતો. જેની એસટી બસની ટિકિટ તેના ખિસ્સામાંથી મળી આવી હતી. હાલોલ આવ્યા પછી તે મંગળવારનો દિવસ અને રાત ક્યાં હતો તે તપાસનો વિષય છે.

## પંચમહાલ જીલ્લામાં નલ સે જલ યોજના હેઠળ કુલ ૧૩૯૯ માંથી ૧૨૧૭ વસાહતોનો સમાવેશ : પાણી પુરવઠા બોર્ડ-ગાંધીનગર

ગોધરા,

વડાપ્રધાનના નલ સે જલ યોજના હેઠળ ગુજરાતના છેવાડાના નાગરિક સુધી પીવાનું શુદ્ધ પાણી નળ દ્વારા પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ યોજના અંતર્ગત પંચમહાલ જીલ્લામાં ૬૩૧ ગામ અને ૭૬૮ ફળીયા મળી કુલ ૧૩૯૯ વસાહતો આવેલી છે. જે પૈકી નલ સે જલ યોજના અંતર્ગત ૧૨૧૭ વસાહતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ૧૮૨ વસાહતોની આ યોજના પૂર્વે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. નલ સે જલ યોજના અંતર્ગત કુલ ૧૨૧૭ વસાહતો પૈકી ૯૯૦ વસાહતોમાં યોજના કાર્યરત છે.

આ સિવાય ૯૫ વસાહતોની યોજનાઓ ઓપરેટરના કારણે, ૯૩ વસાહતો વીજ જોડાણના કારણે, ૯ વસાહતોમાં જુથ યોજના પાણી અનિયમીત મળવાને કારણે, ૩૦ વસાહતોમાં પાણીના સ્ત્રોત સુકાઇ જવા અથવા આવરો ઓછો થવાના કારણે કાર્યરત નથી. જ્યારે બાકી રહેતી ૧૮૨ વસાહતોમાં સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે જે બનતી ત્વરાએ પૂર્ણ કરાશે. મોટાભાગની કામગીરી જે તે ગ્રામ પંચાયતની પાણી સમિતિ દ્વારા જ કરવામાં આવી છે તેમ, પાણી પુરવઠા બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

વધુમાં પંચમહાલ જીલ્લાના શહેરા અને ગોધરા તાલુકાના ૮૭ ગામ અને ૧૧૬ ફળીયા એમ કુલ ૨૦૩ વસાહતો પૈકી ૧૦૪ વસાહતોમાં નલ સે જલ યોજના અંતર્ગત પાણી પહોંચાડવામાં આવે છે. જ્યારે ઓપરેટરના કારણે ૪૯ વસાહતો, વીજ જોડાણના કારણે ૧૦ વસાહતો, પંપીંગ મશીનરીના કારણે ૭ વસાહતો, પાણીના સ્ત્રોત સુકાઇ જવા અથવા આવરો ઓછો થવાના કારણે ૧૫ વસાહતો અને પાઈપ લાઈનના કારણે ૧૮ વસાહતોમાં આ યોજના કાર્યરત નથી તેમ, બોર્ડની યાદીમાં જણાવાયું છે.

## ગોધરા, કાલોલ અને હાલોલ તાલુકા ખાતે પ્રાકૃતિક કૃષિ શિબિર યોજાઈ



ગોધરા,

આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ-૨૦૨૩ અને આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ખેતીવાડી અને આત્મા પ્રોજેક્ટ,પંચમહાલનાં સંયુક્ત ઉપક્રમે પંચમહાલ જીલ્લાના અલગ અલગ તાલુકા ખાતે પ્રાકૃતિક કૃષિ શિબિરનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગતરોજ ગોધરા તાલુકાના ગઢ-ચુંદડી ખાતે, કાલોલ તાલુકાના વેજલપુર અને ઉતરેડીયા ખાતે તથા હાલોલ તાલુકાના બળીયાદેવ ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ શિબિરનું આયોજન કરાયું હતું.

આ તાલીમમાં ખેતીવાડી અને બાગાયત વિભાગના અધિકારી અને કર્મચારીઓ દ્વારા ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનું મહત્વ, મિલેટ પાકો, ખેડૂત ખાતેદાર અકસ્માતવીમા યોજના, સરકારની ચાલતી વિવિધ યોજનાઓ, પર્યાવરણની સુરક્ષા, જમીનની ફળદ્રુપતા તથા પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો જીવામૃત, બીજામૃત, વાફસા, આચ્છાદન (મલ્ચીંગ) અને મિશ્રપાક પદ્ધતિ જેવા વિવિધ વિષયો આવરી લઇ તબક્કાવાર માહિતી તાલીમમાં આપવામાં આવી હતી. તાલીમની સાથે જીવામૃત અને બીજામૃત બનાવવા અને તેનો ઉપયોગ કરવાની રીત અંગે પ્રેકટીકલ પણ કરાયું હતું.

આતકે આત્મા પ્રોજેકટ ડાયરેક્ટર પી.એસ.પટેલ, વિવિધ સબંધીત અધિકારીઓ, કર્મચારીઓ, માસ્ટર ટ્રેનર સહિત ગામના સરપંચઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## મોરવા(હ)ના મોરા ગામના બજારમાં ટ્રાફિકની સમસ્યાથી વાહન ચાલકો પરેશાન



ગોધરા,

મોરવા હડફના મોરા ગામ ખાતે આજુબાજુના દસ ઉપરાંત ગામના લોકો અહીં જીવન જરૂરિયાત સહિતની અન્ય ચીજ વસ્તુઓની ખરીદી માટે આવતા હોય છે, જ્યારે મેઈન બજાર માંથી મેત્રાલ ગામ તરફના રસ્તા પર છાશવારે ટ્રાફિક સમસ્યા સર્જાતી હોય છે. આ રસ્તો ધીમે ધીમે સાંકડો બનતો જવા સાથે આડેધડ વાહનો વાહન ચાલકો મૂકી દેતા હોવાથી પસાર થતા વાહન ચાલકોને ભારે હાલાકી વેઠવી પડતી હોય ત્યારે સંબંધિત તંત્ર ટ્રાફિક સમસ્યા માંથી વાહન ચાલકોને છુટકારો મળે તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે તે અત્યંત જરૂરી છે. હાલ તો આ ટ્રાફિક સમસ્યા થી પસાર થતા વાહન ચાલકો માટે માથાના દુઃખાવા સમાન બની જવા પામી હતી.

## હજ કમિટી દ્વારા નવા નિયમો અને અસહ્ય ભાવ વધારાને લઈ હજ ઉપર જનાર હાજીઓમાં વધતા આર્થિક ભારણ દુર કરવા રાષ્ટ્રપતિને ઉદ્દેશી શહેર કોંગ્રેસ દ્વારા આવેદન



ગોધરા,

હજ કમિટી દ્વારા રોજબરોજ નવા નિયમો ભાવ વધારાને લઈ હજમાં જનાર હાજીઓને આર્થિક ભારણ વધતા નવા નિયમો પરત ખેંચવામાં આવે તેવી માંગ સાથે ગોધરા શહેર કોંગ્રેસ દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિને ઉદ્દેશી આવેદન આપ્યું.

ગુજરાત-પંચમહાલ ગોધરાના શહેરના વર્ષ ૨૦૨૩માં હજયાત્રા માટે અને આગામી સમયમાં આસ્થા સાથે હજ ઉપર જનાર હાજીઓમાં હજ કમીટી દ્વારા હાલમાં અવારનવાર નવા નિયમો તેમજ હજયાત્રાના ખર્ચમાં થયેલ બેફામ વધારા જેમાં રૂા.૬૭,૦૦૦ થી ૭૦,૦૦૦/- રૂપીયા જેટલા વધુ નાણાં ભરવાનો લેવાયેલ નિર્ણય લેવાયો છે. જેને લઈ પવિત્ર હજ યાત્રામાં જતા હાજીઓ અને તેમના પરિવારો આર્થિક બોજ વધ્યો છે. તેમજ નારાજગી જોવા મળી છે. નવા નિયમોમાં વાંધા-વચકા અને મુશ્કેલી ઉભી થતાં હાજીઓ નારાજગી જોવા મળી છે. નવા નિયમો ફેરફાર થતા ભાવ વધારાને કારણે હજયાત્રા દુસ્વપ્ન સાબિત થાય તેમ હોય ત્યારે આવા પ્રશ્ન અંગે યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેવી માંગ સાથે ગોધરા શહેર કોંગ્રેસ દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિને ઉદ્દેશીને આવેદનપત્ર જીલ્લા કલેકટરને આપવામાં આવ્યું.

## દાહોદ જીલ્લાના ૭૬ ગામના ૧૬૮ લાભાર્થીઓનો ગૃહપ્રવેશ અને ૯૭૮૧ આવાસોના ખાતમુહુર્ત કરાશે

દાહોદ,

પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) અંતર્ગત તા.૧૨/૦૫/૨૦૨૩ ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર મુકામે વડાપ્રધાનના વરદ્દહસ્તે આંતરિક માળખાકીય વ્યવસ્થાઓ સાથેના સુવિધા સભર આવાસોના ઈ-લોકાર્પણ, ઈ- ખાતમુહુર્ત અને લાભાર્થીઓ દ્વારા બનાવેલ આવાસોના ઈ- ગૃહ પ્રવેશનો કાર્યક્રમ યોજાશે. વડાપ્રધાન દ્વારા કુલ રૂ. ૧૯૪૬ કરોડના ૪૨,૪૪૧ આવાસોના ગૃહપ્રવેશ, ખાતમુહુર્ત અને લોકાર્પણ થશે. આ કાર્યક્રમને સમાંતર દાહોદ જીલ્લાના ૭૬ ગામના ૧૬૮ લાભાર્થીઓનો ગૃહપ્રવેશ અને ૯૭૮૧ આવાસોના ખાતમુહુર્ત પણ કરવામાં આવશે.

દાહોદ જીલ્લામાં વર્ષ ૨૦૧૬-૨૨ સુધીમાં કુલ ૯૨૩૦૬ આવાસો મંજૂર કરવામાં આવ્યા હતા. જેની સામે ૯૨૨૯૨ (૯૮.૯૦%) આવાસો પૂર્ણ કરવામાં આવ્યા છે. તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ૧૧૬૦૪ આવાસો મુંજર કરેલ છે. જેની સામે ૧૧૨૭૦ (૯૭.૧૨%) લાભાર્થીઓને પ્રથમ હપ્તો રૂ. ૩૦૦૦/- આપવામાં આવ્યો છે. આ ઉપરાંત જો લાભાર્થી પોતાનું આવાસ ૬ મહિનાની મર્યાદા માં પૂર્ણ કરશે તો તેઓને રાજ્ય સરકાર તરફ થી રૂ.૨૦૦૦૦/- વધારાની ની પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે.

## ઘોઘંબા ફરોડ ફાટક વચ્ચે ઠેસર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો એક યુવાન ગંભીર ઘાયલ થતા ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા



ઘોઘંબા,

ઘોઘંબા તથા ફરોડ વચ્ચે આજરોજ સાંજના સુમારે બાઈક તથા ઠેસર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટી ઉભરવન ગામનો એક યુવાન ગંભીર રીતે ઘાયલ થતા તેને વડોદરા રેફર કરવામાં આવ્યા હતા. મોટી ઉભરવન યુવાન પ્રદીપ કાંતિલાલ પરમાર ઉંમર ૩૦ વર્ષ જેવો ફરોડ ચોકડી તરફ બાઈક લઈ આવી રહ્યો હતો. તે દરમ્યાન એક ઠેસર ચાલક પોતાના ઠેસર રીવેસ મારી રહ્યો તે જોઈ બાઈક ચાલક પાછળ ઉભો રહી જતા બાઈકની અંદર ઠેસર ઘૂસી જતા પ્રદીપને માથામાં તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપી યુવાનને ૧૦૮ મારફતે વડોદર રિફર કરવામાં આવ્યો યુવકની તબિયત નાજુક તેમજ ઠેસર ચાલક ફરાર.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.222